VIDHYARTHI VIDHYA SURAKSHA SAMITI

તા.૨૪-૬-૨૦૧૭

વિદ્યાર્થી વિદ્યા સુરક્ષા સમિતિની રચના તા.૧૭-૯-૨૦૧૫ ના રોજ, વિદ્યાર્થીઓ ભયમુકત વાતાવરણમાં ભણી શકે તથા ઘણાં સમયથી ચાલી રહેલાં બેફામ ફીવધારા તથા જુદી-જુદી એકટીવીટીઓના નામે ઉઘરાવાતી ફી, વિદ્યાર્થીઓને દબાણમાં રાખી વાલીઓના થતાં શોષણને અટકાવવા  માટે કરવામાં આવેલ છે. જેનો ઉદેશ અને હેતુ નીચે મુજબ છે.

વિદ્યાર્થી વિદ્યા સુરક્ષા સમિતિ દ્વારા દરેક વાલીઓ સુધી પહોંચી શિક્ષણને લગતી કાયદેસરની વિવિધ માહીતી અને માર્ગદર્શન આપવાનું નક્કી કરેલ છે. શિક્ષણને લગતાં વાલીઓના હક્કો, કાયદા અને તેના અમલની માહીતી, એજયુકેશન બોર્ડની કાર્યપદ્ધતિ અને વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતાં લાભોની માહીતી, વધુમાં શિક્ષણને લગતી તમામ સમસ્યાઓ વિશે વાલીઓની સમજ કેળવાય અને કોઈ પણ સ્કુલમાં ભણતાં બાળકોને મદદરૂપ થાય તેવી માહીતી આપવામાં આવશે. સ્કુલો દ્વારા થતી જોહુકમી અને તેનાથી પડતી તકલીફો અને તેનું નિરાકરણ કાયદેસરતાથી અને સંગઠનથી કેવી રીતે લાવવું તેની બહુમૂલ્ય માહીતી આ સંસ્થા દ્વારા આપવામાં આવશે. વિદ્યાર્થીઓ ઉપર થતાં શિક્ષકો દ્વારા ખોટા દબાણ, અપમાન અને શારિરીક સજા વિગેરે અટકાવી શકાય અને વિદ્યાર્થીઓ માટે શિક્ષા પ્રાપ્ત કરવાનું સુંદર વાતાવરણ ઉભું થાય તથા વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર સારી રીતે થઈ શકે અને કારકીર્દી ઉજ્જવળ બની શકે તે હેતુસર આ સંગઠન દ્વારા પ્રકાશ પાડવામાં આવશે.

વધુમાં આ સંસ્થા દ્વારા **R.T.E.** હેઠળ એડમીશન તથા તેને લગતી કોઈ પણ સમસ્યાનું નિરાકરણ કરી આપવામાં આવશે.

## <u>સંસ્થાના કાર્ય</u>

(૧) R.T.E. હેઠળ મફત તથા ફરજીયાત શિક્ષણના કાયદાનો અમલ [R.T.E. Act,2009]

(૨) વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સ્કોલરશીપ, મળતા લાભ અને યોજનાઓનું અમલીકરણ

(૩) ધરખમ ટયુશન ફી, કેપીટેશન ફી, એડમીશન ફી, રજીસ્ટ્રેશન ફી, બિલ્ડીંગ ડેવલોપમેન્ટ ફી અને ડોનેશન દ્વારા શિક્ષણમાં થતાં અન્યાય વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી તથા સરકારમાં રજૂઆત

(૪) વિદ્યાર્થીઓ ઉપર થતાં ખોટા દબાણ, અપમાન અને શારિરીક સજા વિગેરે જેવા કીસ્સામાં સ્કુલ સંચલાકો સામે ડી.ઈ.ઓ. ઓફીસમાં કાયદેસરની રજૂઆત તથા નિરાકરણની પ્રક્રિયા

(૫) સંચાલકો દ્વારા વાલીઓ ઉપર થતી જોહુકમી તથા દબાણપૂર્વક, કમ્પલસરી એકટીવીટીસના નામે ઉઘરાવાતા પૈસા સામે કાયદેસરની કાર્યવાહી

(૬) આર્થિક રીતે નબળા વર્ગ (ઈ.બી.સી.જનરલ કેટેગરી), એસ.ટી, એસ.સી., ઓ.બી.સી. અને સમાજના દરેક વર્ગને પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમજ રોજગારી મળે તેવું શિક્ષણ આપવા માટે સંગઠીત થવું.

(૭) સરકાર તરફથી મળતાં પુસ્તકો તથા ગણવેશ તથા રાશિ જે તે વિદ્યાર્થીઓને મળે તે માટે કામ કરશે.

**રજી.ઓફીસ :- શીવાલીક પ્લાઝા, બી/૩૦૨, પાંજરાપોળ, અમદાવાદ-૧૫ ટે.નં.૨૬૩૦૨૩૯૧ / ૭૬૯૮૦૩૩૦૨૨**
**email : vvss1792015@gmail.com      Website : www.vvss.org.in**

VIDHYARTHI VIDHYA SURAKSHA SAMITI

**સંસ્થા દ્વારા કરવામાં આવતી નહીં નફો, નહીં નુકશાનના ધોરણે વિવિધ પ્રવૃત્તિઓ**

(૧) નોટબુક વિતરણના કાર્યક્રમો

(૨) પતંગ વિતરણના કાર્યક્રમો

(3) વિવિધ પ્રકારની પ્રતિયોગીતા જેવી કે ચિત્રસ્પર્ધા, રમત-ગમત, વેશભૂષા હરીફાઈ વિગેરે

(૪) વિદ્યાર્થીઓના મનોરંજન માટે મેજીક શો તથા મીમીક્રી તથા અન્ય કાર્યક્રમ

(૫) વાલીઓ માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગરબા, મ્યુઝિકલ નાઈટ,

(૬) વાલીમંડળનું સ્નેહસંમેલન ભોજન સાથે

(૭) વિવિધ વિષયો ઉપર વર્કશોપ

(૮) R.T.E. ની માહિતી અંગે સેમીનાર

**મારી એક પ્રાર્થના છે કે સંગઠનને મજબૂત બનાવવા વધુને વધુ વાલીઓને આપણે જોડીએ. સંગઠનમાં જોડાવવા માટે કોઈ શુલ્ક નથી.**

પરિવાર પરિચય ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ ચાલતી સંસ્થા


શ્રીભાવિન વ્યાસ
(એડવોકેટ)
પ્રમુખ
મો.નં.૭૬૯૮૦૩૩૦૨૨

શ્રીમિહીર કોટ
(કોમ્પ્યુટર પ્રોગ્રામર)
સેક્રેટરી
મો.નં.૯૮૨૫૯૩૦૯૦૬